NAVSARI AGRICULTURAL UNIVERSITY

સંશોધન નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી

ડો. ટી.આર.અહલાવત
એરૂ ચાર રસ્તા, નવસારી- ૩૯૬ ૪૫૦

સંશોધન નિયામક

વંચાણે લીધા : ૧) અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક : નકૃયુ/સંનિ/વિકાસ ખર્ચ/નોન.રીક./<૫ લાખ/૨૫૧૮-૨૦/૨૦૨૫ તા. ૧૫/૦૪/૨૦૨૫

૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : જા.નં.નકૃયુ/સંનિ/GeM/NOC/૪૮૯૬-૯૯/૨૦૨૫ તા.03/0૯/૨૦૨૫

વિકાસ ખર્ચ (પ્લાન) યોજનાઓમાં રીકરીંગ અને નોન રીકરીંગ સદરે ખર્ચ કરવા બાબત...

## -:: પરિપત્ર ::-

નવસારી કૃષિ યુનિવર્સીટીના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપશ્રીના યુનિટ/સબયુનિટ હસ્તકની વિવિધ વિકાસ ખર્ચ (પ્લાન) યોજનાઓમાં ઉપરોક્ત વંચાણે લીધેલ પરિપત્ર ક્રમાંક ૧ અનુસાર નોન રીકરીંગ સદરે સરકારશ્રીમાંથી સાધનો મંજુર કરવામાં આવેલ છે. વધુમાં અત્રેની કચેરીના વંચાણે લીધેલ પરિપત્ર ક્રમાંક ૨ મુજબ જે ચીજવસ્તુઓ/સેવાઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ નથી તેવી ચીજવસ્તુઓ/સેવાઓની ખરીદી GeM પોર્ટલ બહાર ખરીદી કરવાની NOC મળેલ છે.

આથી તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં નોન રીકરીંગ સદરે **ખરીદીની મંજૂરી યુનિવર્સીટી ભવન ખાતેની વડી કચેરીએ થી લેવાની થતી હોય, તેવા કિસ્સાઓમાં મંજૂરીની ફાઈલો મોડામાં મોડી ૩૧ ડીસેમ્બર ૨૦૨૫ સુધી જે-તે કચેરીએ (સંશોધન નિયામકશ્રી, કુલસચિવશ્રી, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી) ને મોકલી આપવાની રહેશે.** ત્યારબાદ આવી મંજૂરી ની ફાઈલો સ્વીકારવામાં આવશે નહી. તેમજ ખરીદી ન થવાની સંપૂર્ણ જવાબદારી જે-તે કચેરીના વડાશ્રીની રહેશે. જે જાણ સારૂ.

વધુમાં સરકારશ્રીમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે ના સુધારેલા અંદાજો નવેમ્બર અંતિત ખર્ચના આધારે રજુ કરવાના થશે. જેથી નવેમ્બર અંત સુધીમાં રીકરીંગ સદરે પણ **સપ્રમાણ ખર્ચ થાય એ બાબતની કાળજી રાખવાની રહેશે**. જેથી રિવાઈઝડ બજેટ રજુ કરતી વખતે સરકારશ્રીમાં સપ્રમાણ ખર્ચ દર્શાવી શકાય.

જા.નં.નકૃયુ/સંનિ/ પ્લાન/ 5312-15 /૨૦૨૫
તા. ૦૧.૧૦.૨૦૨૫

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

સામેલ: ઉપર મુજબ

**નકલ રવાના:**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
૨. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
૩. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
૪. સંબંધિત કર્મચારીઓ/અધિકારીશ્રીના કચેરી વડા તરફ ઉક્ત બાબતે ધ્યાને લેવા સારૂ.